# e.અસ્મિતા

ગુજરાતી સાહિત્ય અકાદમીનું મુખપત્ર

અંક: Dummy | સંપાદક: પંચમ શુક્લ | ઑક્ટોબર 2013

---

## ‘એ વીક ઇન ડિસેમ્બર’ – લેખક સેબૅસ્ટિયન ફોક્સ : • અનિલ વ્યાસ

સેબૅસ્ટિયન ફોક્સની આ કથા વધતા જતા ભૌતિકવાદ, ધર્મઝનૂન અને તીવ્ર મહાત્ત્વાકાંક્ષાથી નીપજતા નૈતિક અધ:પતનના સંદર્ભે સામાજિક નિસબત અને અંતરના અવાજને ઓળખવાની, સ્વને પામવાની પ્રક્રિયાની રોમાંચક ગાથા છે. અહીં પરસ્પર બદલાતી જિંદગીઓનાં દુષ્પરિણામો ચકાસાયાં છે.

સેબૅસ્ટિયન ફોક્સે પોતાના પાત્રોને એક એવાં બ્રિટનમાં કલપ્યાં છે, જે કોઈને ય ગમે એવું નથી.અકળાવી મૂકે એવા સંજોગો, આર્થિક મંદી, આતંકવાદ, ધાર્મિક માનયતાઓ અને આંધળી ઝનૂની પ્રતિક્રયાઓ, પ્રક્રિયાઓ જેવા અનૈચ્છિક વાતાવરણમાં પરાણે હડસેલાઈ ગયેલાં માણસોની વાત છે. ઇ.સ. 2007ના ડિસેમ્બર મહિનાનું એક અઠવાડિયું પસંદ કરાયું છે. સમગ્ર કથામાં પાત્રોની રોજિંદી જિંદગી સમસ્યાઓનું વૃત્ત નિરુપાયું છે. એમના સંઘર્ષ અને વ્યવહારો એકબીજા સાથે સંકળાયેલા છે.

જહોન વિલ્સન, પાંચ મોબાઈલ ઉપરાંત પુસ્તકો પાછળ ખાનગી ડ્રોઅર રાખતો અનૈતિક હેજ ફંડ મેનેજર, એની દુખિયારી, શરાબમાં આશરો શોધતી પત્ની વૅનેસા, નશામાં જીવનનો અર્થ પામવા મથતો દીકરો ફીનબાર, અંડરગ્રાઉન્ડ ટ્રેઇન ડ્રાયવર જૅની, એનો અરમાન ભાઈ ટોની, અને બેરિસ્ટર ગેબ્રિયલ, અલ રશીદ પરિવાર, પત્ની નસીમ, આતંકવાદી વિચારોમાં રંગાયેલો લંડનમાં બોમ્બ બ્લાસ્ટની યોજના કરતો દીકરો હસન, માતા પિતાના આંતરદેશીય લગ્નની છાયામાં વિકસતી સાંસ્કૃિતક, માનસિક સામાજિક વિટંબણાઓ વેઠતી શાહલા હાજિયાની, મીડિયોકર સમાલોચક સૅડલી એલેકઝાન્ડર, ફૂટબોલ ખેલાડી ટાઝવુડ, સાંસદ લાન્સ ટોપીંગની પાર્ટીઘેલી પત્ની સૉફી ટોપીંગ. આ સહુની ગાથામાં વિકસતાં આવે છે માણસની ભલાઈમાં સતત શંકા કરતાં જુદા જુદા ચરિત્રો અને વર્તણૂક. ‘ડીકેન્શિયન’(ચાર્લસ ડિકન્સના પથગામી?)નું બિરુદ મેળવેલા સેબૅસ્ટિયન ફોક્સની નવલકથા વાંચતા અમેરિકન ટી.વી. સિરિયલ ‘ધ વાયર’નું સહેજે સ્મરણ થાય છે. આ સિરિયલમાં ગેરકાનૂની નશાના દ્રવ્યોનો વેપાર, સી—પોર્ટ બંદરગાહની રીતિ–નીતિઓ, સ્થાનિક નોકરશાહી, શાળાઓનું વયવસ્થાતંત્ર, સમાચાર સંસ્થાઓ અને અમેરિકન શહેરી જીવન પધ્ધતિમાં એકઠાં થઈ જિવાતા જીવનની તેમ જ સંસ્થાઓ અને ઉદ્યોગો વ્યક્તિ – સમાજ પર કેવી રીતે અસર કરે છે એની ચિત્રાત્મક કથા આલેખાઈ હતી.

‘એ વીક ઇન ડિસેમ્બર’માં નાણાકીય મંદી, માનસિક બિમારી, ફૂટબોલ, ઈમીગ્રેશન, ખાનગી ગેરકાયદે સટ્ટાબાજી અને દંભી આચરણ, ગેરમાર્ગે એકઠો કરાતો પૈસો, કાયદો અને વ્યવસ્થા, મીડિયાની નૈતિકતા, ઈસ્લામિક ધર્મઝનૂન સઘળું વણાતું આવે છે. એક એવી ઝીઝેગ બાંધણીની ભાત લઈ ફોક્સ સિધ્ધહસ્તતાપૂર્વક સર્જનનું પોત વણે છે. સમકાલીન કથાવસ્તુને એવા રસાળ પ્રવાહથી વણ્યું છે જે ભાવકને જકડી લે છે.

ફોક્સ વાચકની સામે પડકાર મૂકે છે. વિચારવા માટે બધ્ધ કરે છે. ધર્મઝનૂન કોઈ નવી વાત નથી. બે વિશ્વયુદ્ધોમાં મર્યા એના કરતાં ય વધારે માણસો ધર્મના નામે મર્યા છે. નીતિ વગરના ભ્રષ્ટ માણસોની ય નવાઈ નથી રહી. ‘એ વીક ઇન ડિસેમ્બર’માં રચાતા સંજોગો જે રીતે આચરણ ફેર કરાવે છે, મનુષ્ય જાણતો, જોતો હોવા છતાં ઈન્દ્રિય બધિર, ચિંતન બધિર બનીને વર્તે છે એના મૂળમાં જવાનો સર્જકનો પ્રયાસ છે.

બિગ બ્રધર કે ભારતના બિગ બોસ નામના ટી.વી શોમાં કોઈએ સૂચવેલી પ્રવૃત્તિઓ કરતાં, પ્રત્યેક ક્ષણની જાહેર (જિંદગી) જીવતા માણસો કેવાં કાવા દાવા જૂઠ કપટ કરે છે?

કઈ માનસિક અવસ્થામાં એ એવું કરતાં હશે?

સમાજજીવનને મૂલ્યો છે, નીતિ છે તો માણસને લોભ, લાલચ અને મહાત્ત્વાકંક્ષા છે. ધર્મ કે રાજ્ય કે બોધ સંહિતાઓ વિરુદ્ધ જઈ માણસ જે રીતે વર્તે છે એના ફલ:સ્વરૂપ સમાજ જે વેઠે છે એનો અહીં હિસાબ ચિતરાયો છે. સહેજ આગળ જઈ કહું તો સમયનો ઇતિહાસ રજૂ કરાયો છે.

આપણી ભાષામાં વજુ કોટકે ‘શહેરમાં ફરતાં ફરતાં’માં કોમિક કે હાસ્ય શ્રેણીમાં આવાં દુરિતો તપાસ્યાં છે. જો કે એ સઘળું સરકતી લેખણે આવ્યું છે. તો, ભગવતીકુમાર શર્મા ‘અસૂર્યલોક‘માં પરંપરા, સમાજ અને મનુષ્યનું વર્તણૂક સંસ્કાર અને અપેક્ષાના સંઘર્ષની કથા આલેખાઈ છે. કાજલ ઓઝા વૈદ્યની નવલકથાઓમાં ઉચ્ચ વર્ગની ભ્રષ્ટ નીતિમત્તા, સ્વાર્થી જીવન શૈલી અને એની અસરો આલેખાઈ છે. મનુષ્યના બદલાંતા મૂલ્યો તપાસાયાં છે.

અિશ્વની ભટ્ટની ફાંસલોમાં થ્રીલરની પછીતે ગરીબાઈ, શિક્ષિત બેરોજગારી, યુવા વર્ગની ક્ષુબધતા, મનોવ્યથા અને આક્રોશના પરિપાકથી સર્જાતા પરિણામની વાત મૂકાઈ છે.

જો કે મૂળે તો સેબેસ્ટિયનને જે કહેવું છે એ યથાતદ્દ સ્વરૂપે રામાયણ અને મહાભારતમાં મળે છે.

રામાયણ આપણે શું કરવું એ શીખવે છે અને મહાભારત શું ના કરવું એની સમજણ આપે છે. દૂરિત, રાજ્યસત્તા આર્થિક સત્તા અને અંગત મહત્ત્વાકાંક્ષા બન્નેમાં સાવ છેડાની રીતે નિરુપાયા છે. રામાયણના ધોબી અને રાલ્ફ ટેન્ટરમાં કશો પાયાગત ફરક નથી. તો દુર્યોધન અને જહોન વિઅલ્સ કે કર્ણ અને હસનમાં તાત્ત્વિક ભેદ નથી, હા કારણભેદ છે સાથે સાથે સમર્પણભાવ તપાસવા જેવો છે.

રઘુવીર ચૌધરીની કથાત્રયી ઉપરવાસ, સહવાસ ને તરવાસમાં છેદાયેલા રાજકારણ, અર્થકારણ અને સમાજના પ્રશ્નો સેબેસ્ટિયને જે રીતે મૂક્યા છે એથી તદ્દન જુદી તરાહે નિરુપાયા હોવાં છતાં એકે ય લેખકની નિસબત જુદી હોય એમ મનાતું નથી. જેમ સેબેસ્ટિયનને સમયનો ઇતિહાસ આપવો છે, એમ પન્નાલાલ પટેલને પણ 'માનવીની ભવાઈ'માં મનુષ્યના દુરિતને ચકાસવો છે. એની સચ્ચાઈ ને પ્રેમ સાથે સાથે સંયોગોદત્ત લાચારીની વિષમતા મૂલવવી છે.

હું આ સઘળું એક સપાટીએ દેખું છું. સમગ્ર સંસ્કૃિત નગર કે ગ્રામ્ય … જાણે એક સચ્ચાઈથી વિખૂટી પડી છૂટી છવાયી કે છેવાડાની જિંદગી જીવતી હોય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. એમાં સેબેસ્ટિયન જ નહિ, ભગવતીકુમાર શર્મા, કાજલ વૈદ્ય, પન્નાલાલ ને આપણે સહુ એક પ્રકાશની શોધમાં છીએ. બસ,પેલો સતયુગી અણુ મળી જાય કે તરત ઝળહળ સૂર્ય આ અંધકારને મીટાવી શકશે.

*   *   *

('સીટીરીડ 2013' અંતર્ગત, હેરો લાયબ્રેરીઝ અને 'ગુજરાતી સાહિત્ય અકાદમી' સંયુક્ત ઉપક્રમે, આધુનિક લેખક સેબાસ્ટીઅન ફોક્સની નવલકથા 'અ વીક ઈન ડિસેમ્બર'ના, 24 જુલાઈ 2013ના રોજ, હેરો વિલ્ડસ્ટોન લાઇબ્રેરીમાં, એક વાર્તાલાપ યોજાયેલો. તેમાં રજૂ થયેલું પ્રમુખ વિવેચન.)


**સભ્યપદ આવેદન/Membership Application**

નામ/Name:

સરનામું/Address:

પોસ્ટ કોડ/Post Code:

ફોન/Phone:

મારું/અમારું નીચે મુજબ ( કોઈ પણ એક પર ✔ કરો) સભ્યપદ સ્વીકારશો.
Please accept my/our membership as indicated by
✔ : સભ્યપદ લવાજમના £ (રોકડા/ગુજરાતી સાહિત્ય અકાદમી નામે ચેક/ પોસ્ટલ ઑર્ડર) આ સાથે છે. / Membership fee £ is enclosed [cash/chq./PO payable to Gujarati Literary Academy]

- ☐ વાર્ષિક/Annual ........ £10
- ☐ આજીવન/Life ........ £100
- ☐ વાર્ષિક સંસ્થાકીય/Organisation [Annual] ........ £25
- ☐ આજીવન સંસ્થાકીય/Organisation [Life] ........ £250
- ☐ આજીવન દંપતી સભ્ય/Couple Life ........ £150
- ☐ દાતા/Donor ........ £201
- ☐ સંવર્ધક/Patron ........ £501
- ☐ વિદેશ સભ્ય/Overseas Member
  યુનાઈટેડ કિંગડમનો દર લાગુ / Same as in the U.K.

સભ્ય ગમે ત્યારે બની શકાય છે પણ વાર્ષિક લવાજમની મુદત ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર સુધીની ગણાય છે. / You may become a member anytime; however, membership fee is from 1 January to 31 December.

સહી/Signature:

તારીખ/Date:


## કાવ્યસેતુ • લતા હિરાણી

### મેટ્રોગર્લનું મૌગ્ધ્ય

સૂડાને સોનેરી સાંકળે રાખી
                કરાવે ગેલ મકાઉને;
એવા ઘેલસા'ગરા દેશીને
                સખી ના હાર પે'રાવું રે!
એના પુષ્પકની પૂંઠે, અડવી ટૉબી-ટૉલ ઉલાળું રે!
મજેથી જિંદગી આખી;
જીન્સ-ને-ટોપ-ને-બોબ્ડે'રુંમાં ઝૂલતી -
                રૂડાં ગોરમા પૂજું રે!

સખી, આ મોળાકતમાં મીઠું વલખી;
    પિસ્તા, કાજુ, દ્રાખની હારે ચેરી ચાખું રે!
સખી, કો દિ મન પડે તો …
શૌરસેનીની સાખે, કરતાં સાલસા-ટેંગો
    ઝબકારાઓ લાલ, પીળા હું પંડમાં ઓરું રે!
                — પંચમ શુક્લ (૬/૧/૨૦૧૧)

શબ્દ સંદર્ભ:
મકાઉ) મકૉઉ/Macaw): લાંબી પૂંછડીવાળો ભાતીગળ પોપટ[Link]
ટૉબી] (સૌથી ઊંચી આંગળી) મધ્યમા : ટૉલ-Nursery rhyme]
શૌરસેની: શૂરસેનની પુત્રીકુંતા -
સાલસા, ટેંગો: ક્લબડાન્સના પ્રકારો ] Salsa, Tango]

બોલો, લાગ્યું ને સાવ જુદું, ના ના, જુદું શબ્દ તો ઝાંખો પડે, આંખો વિસ્ફારિત કરી મૂકે એવું કાવ્ય ? જો કે શબ્દો ગભરાવી મૂકે એવા લાગે છે ને ? સારું છે કવિએ શબ્દોના અર્થ સંદર્ભ સાથે આપ્યાં છે આપણે સાથે સાથે ચગળતા જઇએ ….

કવિતાનું શીર્ષક છે, 'મેટ્રોગર્લનું મૌગ્ધ્ય', તમને 'સોળ વરસની સુંદરી' શબ્દપ્રયોગ યાદ આવશે સોળ વર્ષે .'સુંદરી' તો બધાં ન હોય, પણ મુગ્ધા તો હોયગામઠી હોય કે શહેરી ., દેશી હોય કે વિદેશી, આ ઉંમર મુગ્ધ થવાની છે એ વાત સોળ આની સાચીહવે નવી ) .

પેઢીને'સોળ આની' શબ્દો સમજાવવા પડે વાધાં ભલે જુદાં રહે .. વયમાં આવે એટલે એને મુગ્ધતા વીંટળાય જ (.... આ ગરવા વિદેશી ગીતને વિદેશી સંદર્ભો છે એ અર્થમાં), બાકી સુવાંગ ગુજરાતી મને તો લાગે છે .. કોઇ સૂરમાં ઢાળે તો નજર સામે નાચતું જ લાગે ( !!, તમને ?

મુગ્ધ વયમાં નજરઅહીં નાયિકા કંઇક એવું જ ઝંખે છે અને વાત પોતાની પસંદગીની .. મન કોઈ છેલછબીલા માટે જ તરસે-.કરે છે'મકાઉ' એ આફ્રિકન પોપટ છેસૂડાને સાંકળે બાંધીને .આપણા દેશમાં પોપટને સૂડો પણ કહે છે .સૂડો તો તમે જાણો જ છો . ય મકાઉને ગેલ કરાવે એવો છોકરો નાયિકાને જરાપસંદ નથી જુઓ .., મેટ્રોગર્લના મનની વાત માટે ય કવિએ કેવા મજાના શબ્દ પ્રયોગો યોજ્યા છે !'ઘેલસાગરો' – મૂળે દેશી છે પણ વિદેશી દેખાવાનું ગાંડપણ વળગ્યું છે એવો ઘેલો છોકરો જાણે વરમાળા !! પહેરાવવાની હોય એમ"ના હાર પે'રાવું રે !!".... અહીં 'પુષ્પક' શબ્દ વાહન માટે વપરાયો છેપુષ્પકની પૂંઠે ., અડવી આંગળી ઉલાળું રે . અહીં આંગળી માટે)'ટૉબીટોલ-' વપરાયું છે જેનો અર્થ છે મધ્યમા, સૌથી ઊંચી આંગળી ...) આવા ઘેલા દેશીને પસંદ કરવા કરતાં મજાથી આખી જિંદગી જીન્સ ને ટોપ પહેરી, બોબ્ડ હેર – ટૂંકા વાળ ઝુલાવતી, ગોરમા ન પૂજું !!

કન્યા વિદેશમાં છે પણ મોળાકત વ્રત કરે છે ..... મનમાન્યા વરને પામવા વલખે ય છે મોળાકતમાં પિસ્તા !!, કાજુ, દ્રાક્ષની સાથે પ્રાદેશિક ચેરી પણ ખવાય જ વળી ... પછીની પંક્તિઓ છે, "સખી, કો દિ' મન પડે તો ... શૌરસેનીની સાખે, કરતા સાલસા ટેંગો-..... ઝબકારાઓ લાલ, પીળા હું પંડમાં ઓરું રે !....." અહીં કવિએ આપેલા શબ્દાર્થ પ્રમાણે શૌરસેની એટલે શૂરસેનની પુત્રી – કુંતા અને સાલસા, ટેંગો એટલે લેટિન ક્લબડાન્સના પ્રકારોઅહીં કુંતીનો ઉલ્લેખ ., એણે સૂર્યપુત્ર કર્ણને ગર્ભમાં ધારી જન્મ આપ્યો હતો એ બાબતે હોઈ શકેઝબકારાઓ પ પીળા-ક્લબમાં થતા ડાન્સમાં ઝબકતા લાલ .ંડમાં ધરી, મન પડે તેમ કરું ... શરીર અને મન – તમામ પ્રકારની સ્વતંત્રતા ચાખેલી યુવાની – એવું કંઇક કહેવા માંગે છે કવિ ?

વિદેશી હવા, વિદેશી વાતાવરણ અને દેશ .કવિતા શબ્દોની ગૂંથણી માટે માણવા જેવી છે .વિદેશની ભેળસેળવાળું યૌવન-અને સાથે સ કવિતામાં તળપદી ગુજરાતી શબ્દોાથે પરદેશનું નાવિન્ય, પૂરી ગરવાઈ અને નરવાઈ સાથે એક અદ્દભુત સંયોજન ખડું કરે છે એટલે કાબિલે દાદ બને છે સવાલ એ જરૂર થાય કે લંડન જેવા શહેરમાં જીવતા કવિને .., ગુજરાતમાં જીવતા ગુજરાતીને ય સમજવાની મહેનત કરવી પડે એવા દેશી શબ્દપ્રયોગો ક્યાંથી સૂઝી આવે છે ? મારું મન જવાબ આપે છે, ભાષાપ્રેમ ..... પોતાની ભાષામાં નવા નવા પ્રયોગો કરવાની કાબેલિયત .... કવિતાના જાણીતા પ્રવાહથી સાવ વેગળું અને મન પ્રફુલ્લિત કરી દે તેવું કાવ્ય ... ઋતુલ જોષીએ આ કાવ્ય વિશે લખ્યું છે, "જૂના જમાનામાં 'મારા રોયા' કહેતી ડોશીઓ અને અત્યારે મધ્યમા ઉલાળતી યુવતીઓ બધી એકરૂપ થઈ ગઈ હોય તેવી લાગણી થાય છે મને !!" તો આપણા જાણીતા ને માનીતા કવિ સિતાંશુ યશચંદ્ર કહે છે, "Enjoyed listening to your recital of the song. The lilt is attractive. While you have presented the new world of combined (hybrid, in the right sense) culture of our new generation, your song does not trivialise it. The tone is sufficiently low, inward, for the song not be reduced to an over-smart and artificial construction now flooding the market place of Gujarati culture..... " આ નોંધ લેવી જ પડે !!

(સૌજન્ય :'કાવ્યસેતુ' કૉલમ, "દિવ્ય ભાસ્કર", 22 ઓક્ટોબર 2013) http://readsetu.wordpress.com/2013/10/23/કાવ્યસેતુ-109-પંચમ/શુક્લ-

## ઊજળી અકાદમી સેવા : એક યાદગાર મેળાવડો

• નીરજ શાહ

પ્રસંગ હતો ઊજળી અકાદમી સેવા બદલ વડીલોનાં સન્માનનો કાર્યક્રમની શરૂઆત કરતાં .'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના મહામંત્રી ભદ્રાબહેન વડગામાએ હાજર રહેલા સૌનું સ્વાગત કર્યું હતું અને કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી.

ત્યારબાદ તેમણે ગવરભાઈ નથ્થુનો પરિચય કરાવ્યો અને પછીથી .ગવારભાઈ તથા તેમનાં સાથીદારે પોતાની આગવી છટામાં, વાંસળી પર પહેલાં ક્લાસિકલ સંગીત, અને પછી ફિલ્મી સંગીતની ધૂનો, અને ત્યારબાદ હાર્મોનિકા પર એક સૂરીલી જુગલબંધી દ્વારા પ્રસંગને સારુ એક સંગીતમય વાતાવરણ બાંધી આપ્યું હતું.

હવે, અકદમીના પ્રમુખ વિપુલભાઈ કલ્યાણીએ કાર્યક્રમનો દોર સંભાળતા, વડીલોને તથા અતિથિ વિશેષ નીમાબહેન શાહને તેમનું સ્થાન ગ્રહણ કરવા આમંત્ર્યાં હતાંકાર્યક્રમનાં વિષયની ભૂમિકા બાંધતાં વિપુલભાઈએ વિલાયતમાં પરદેશથી આવેલા સૌને વેઠવી પડેલી . મુશ્કેલીઓને વાચા આપતું, ફિલ્મ 'દૂર કા રાહી'નું 'પંછી હું મેં ઉસ પથ કા' ગીત સંભળાવ્યું હતું.

ત્યારબાદ, અતિથિ વિશેષ નીમાબહેનનો પરિચય આપતાં તેમણે કહ્યું હતું કે તેઓ બ્રિટનનાં ઉત્તમ શિક્ષકોમાંના એક છેતેમણે . અનેક બાળકોને સંગીત, ભાષા અને સંસ્કૃતિ સાથે જોડી આપ્યા છે તેમને .85વર્ષનાં યુવાન કહી બિરદાવાયાં હતાં.

હવે, સમય હતો સન્માનનોવિપુલભાઈએ તેમનો પરિચય .પ્રથમ નામ હતું સાહિત્યના જાણીતા વાર્તાકાર ઉપેન્દ્રભાઈ ગોર . આપતાં જણાવ્યું કે એમના અનેક લેખો તથા પત્રો છપાયા છે, ઉપરાંત તેમણે અકાદમીની કાર્યવાહી સમિતિમાં પણ 4 વર્ષ સુધી સેવા આપી છેહસ્તે સન્માનપત્રક આપી સન્માન ક તેમનું નીમાબહેનનાં .ર્યું હતુંતેઓ સન્માન સ્વીકારતાં ધન્યતા અનુભવે છે એમ જણાવી . .ઉપેન્દ્રભાઈએ પોતાના સાહિત્યસર્જન વિશે વાત કરી હતી અને આ સર્જનકાર્ય દરમ્યાન મળેલા સૌના સહયોગ બદલ આભાર માન્યો હતો

પછી, વિપુલભાઈએ અકાદમીની કારોબારી સમિતિના સભ્ય ઘનશ્યામભાઈ પટેલનો પરિચય કરાવ્યો અને કહ્યું કે તેમની સ્ફૂર્તિ આજે પણ યુવાનોને શરમાવે એવી છેવધુમાં ઉમેર્યું હતું કે અકાદમીને જ્યારે પણ જરૂર પડી છે ત્યારે અકાદમીની લાજ રાખવા તેઓ .

કાયમ આગળ રહ્યા છે, અને પછી, નીમાબહેન શાહને વિનંતી કરી કે તેઓ ઘનશ્યામભાઈનું સન્માન કરેપોતે દક્ષિણ લંડનમાં રહેતા હોઈ . ઉત્તરમાં સ્થાયી અકાદમી સાથેનો સબંધ એક યાત્રારૂપ છે અને હાજર સૌ એમનાં કુટુંબના સભ્યો જ છે એમ જણાવી ઘનશ્યામભાઈએ સન્માન બદલ સૌનો આભાર માન્યો હતો.

એ પછી, વિપુલભાઈએ દેશતથા જેઓ હાજર રહી શક્યા  વિદેશથી આ કાર્યક્રમ માટે આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા-નથી તેમની નોંધ લીધી હતી.

વિપુલભાઈએ, ત્યાર પછી, ચંદ્રકળાબહેન પટેલનાં અકાદમી સાથેનાં સતત જોડાણ તથા અકાદમીનાં પાઠ્યપુસ્તકોની તૈયારી, શિક્ષકોની તાલીમ અને પરીક્ષાઓમાં તેમનાં યોગદાનને, અકાદમીને હૂંફ આપનાર વ્યક્તિ કહી બિરદાવ્યું હતુંનીમાબહેનના હસ્તે  તેમનું . સન્માન કરાયું હતું ચંદ્રકળાબહેને સન્માન બદલ અકાદમીનો આભાર માન્યો હતો અને .'માંધાતા યુથ એન્ડ કૉમ્યુનિટી ઍસોસિયેશન'નાં 40વર્ષનાં સંસ્મરણોને યાદ કરતાં કહ્યું હતું કે 'ગુજરાતી ભાષા માટે જે કરો તે ઓછું છે.'

ત્યારબાદ, વિપુલભાઈએ અકાદમીમાંનાં એક એવાં ચંપાબહેન પટેલનું સ્વાગત કર્યું હતુંતેમણે ચંપાબહેન અને તેમનાં પતિ  . છીતુભાઈ પટેલનાં અકાદમીનાં આરંભથી રહેલા જોડાણ ઉપરાંત છેલ્લાં6 વર્ષથી ચંપાબહેને કારોબારી સભ્ય તરીકે ખભેખભા મિલાવી જે -ચંપાબહેને આવા શુભ પ્રસંગે આવો મોક .કામગીરી બજાવી છે તેને પોરસાવતા તેમનું સન્માન કરવા જણાવ્યું હતુંો મળ્યો તે બદલ અકાદમીનો અને તેઓ જે પણ કરી શક્યા તે માટે એમનાં માતાપીતા તથા પતિના સાથ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી -.હતી

આગળ સન્માન કરવાનું હતું મનસુખભાઈ શાહનુંલી રાત જોયા વગર ઈમિગ્રેશનનાં મુદ્દે લીધે-વિપુલભાઈએ તેમની દિવસ . ટક્કર અને તેમની પોતાની પરવા કર્યા વગર જે કામ કર્યું તેની નોંધ લીધી હતીએ ઉપરાંત અકાદમી પહેલાંની સાહિત્યિક સંસ્થાના  . સ્થાપક સભ્ય, અકાદમીનાં ઉપપ્રમુખ પદે રહી જે કામો કર્યાં તે બદલ તેમનું સન્માન કરવાનું સૂચન કર્યું હતુંમનસુખભાઈએ પોતે કરેલાં  . અકાદમીએ તે .માત્ર ફરજ જ ગણાવી હતી કાર્યોને તોમને ઉપપ્રમુખ પદે બેસાડેલા તે સારુ તેમ જ આજનાં આ પ્રસંગે એમનું સન્માન કર્યું એ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

પછી વિપુલભાઈએ પોતાના ખાસ સાથી, રમણભાઈ પટેલનું સ્વાગત તેમની અને રમણભાઈની જોડીને રામલક્ષ્મણની જોડી -માં તેમણે જણાવ્યું હતું કે રમણભાઈવધુ .કહી કર્યું હતું સતતપણે પરીક્ષાઓનાં આયોજનમાં, શિક્ષણ તાલીમમાં અને કંઈ કેટલા ય કામોમાં ક્યારે ય પાછા પડ્યા નથીતેમણે વાર્તાસંગ્રહો ., લેખસંગ્રહો ઉપરાંત અકાદમી સારુ 'આચમન' નામે સંગ્રહ પણ સંપાદન કર્યો છેતેમની  . રમણભાઈએ કહ્યું હતું કે અકા .હતું આ સેવાઓ બદલ તેમનું સન્માન કરાયુંદમી સાથેનાં સંસ્મરણો વાગોળવા બેસું તો દિવસોનાં દિવસો લાગેતેમણે અકાદમી સાથે જે રીતે જોડાયા તે પ્રસંગ ., વિપુલભાઈ સાથેનાં અકાદમી માટે કરેલી યાત્રાઓનાં સંસ્મરણો અને અકદામીની વાર્તાવર્તુળ બેઠકથી કેવી રીતે લખવાની પ્રેરણા મળી એની વાતો કરી.

આગળ વધતાં, ડાયસ્પોરાનાં એક ઉત્તમ વાર્તાકાર વલ્લભભાઈ નાંઢાનો પરિચય આપતાં અકાદમીમાં વર્ષો સુધી જુદાં જુદાં હોદ્દે અને કાર્યકારી સભ્ય તરીકે યોગદાન અને અકાદમીને આપેલા સતત માર્ગદર્શન તથા નેતાગીરીની નોંધ લઈ તેમનું સન્માન કરવાનું સૂચન કર્યું હતું વલ્લભભાઈ એ પોતાના .30વર્ષના અકાદમી સાથેના સેતુને યાદ કરતાં કહ્યું કે તેઓ અકાદમીમાંથી ઘણું પામ્યા છે અને અકાદમી તેમનાં માટે એક શાળા જ છેઅકાદમી તરફથી સન્માન સ્વીકારતાં તેમણે ઉમેર્યું હતું કે તેઓ શરીર ચાલશે ત્યાં સુધી  . .અકાદમીને સાથ અને સહકાર આપતા રહશે

ને પછી, વિપુલભાઈએ અકાદમીના નવા સામાયિક "ઈઅસ્મિતા-"ની જાહેરાત કરી હતી અને જણાવ્યું હતું કે અકાદમીનાં પરિપત્રનું સ્થાન હવે "ઈઅસ્મિતા-" લેશે, તે ત્રી.માસિક હશે અને ડિજિટલ સ્વરૂપે અકાદમીની વેબસાઈટ પરથી મેળવી શકાશે-

ત્યારબાદ, વિપુલભાઈએ વિલાસબહેન ધનાણીનો પરિચય આપ્યોજુદી જદી ભાષા પરિષદોમાં તે .મનાં યોગદાન, વિપુલભાઈ સાથે મળીને પુસ્તક પ્રચારની કામગીરી તેમ જ પાઠ્યપુસ્તકો અને પરીક્ષાઓ અકાદમી જ કરે એવો આગ્રહ રાખી તેનો મજબૂત પાયો નાખવા બદલ ઓશિંગણભાવ વ્યક્ત કર્યો હતોવિલાસબહેને સન્માન  .તેમનાં જ ખાસ સખી નીમાબહેનના હસ્તે તેમનું સન્માન થયું હતું . સ્વીકારતાં કહ્યું હતું કે તેમણે જે પણ કર્યું એનાથી એમને ખૂબ જ આનંદ મળ્યો છે; અને અકાદમીને તેમણે કંઈ આપ્યું નથી, પણ માત્ર લીધું જ છે.

છેલ્લે, અકાદમીના કોષાધ્યક્ષ લાલજીભાઈ ભંડેરી અને ઉપપ્રમુખ પંચમભાઈ શુક્લના હસ્તે, અતિથિ વિશેષ નીમાબહેન શાહનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનાં અંતિમ દોરમાં, પંચમભાઈ શુક્લએ ભારતથી આવેલા સંગીતકારસ્વરકાર સુભાષભાઈ દેસાઈનો ટૂંકો પરિચય આપી / તેમણે મનોજ ખંડેરિયા .સુભાષભાઈ અને તેમનાં પુત્ર અતીતભાઈએ સુગમ સંગીતની મહેફીલ જમાવી હતી .તેમને આવકાર્યા હતા, બરકત વિરાણી અને રિષભ મહેતા જેવા કવિઓની અલગ અલગ રચનાઓની સંગીતમય રજૂઆત કરી સર્વે શ્રોતાઓને સંગીતમાં રસબોળ કર્યાં હતાં.

કાર્યક્રમનાં અંતે, વિજયાબહેન ભંડેરીએ અકાદમી વતી મુખ્ય મહેમાનો, કાર્યક્રમનાં આયોજકો, 'માંધાતા યુથ એન્ડ કૉમ્યુનિટી ઍસોસિયેશન', મદદ કરનાર સૌ સ્વયંસેવકો અને હાજર રહેનાર સર્વેનો આભાર માની કાર્યક્રમને વિધિવત રીતે આટોપી લીધો હતો . .અંતર પૂછી છૂટાં પડ્યા હતાં-ત્યારબાદ સૌ પ્રીતિભોજન લઈ એકબીજાની ખબર